ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગુજરાતના છ સ્માર્ટ શહેરોની દિલ્હીના પ્રગતિ મેદાનમાં નિષ્ણાતો ચર્ચા કરશે

## રાજ્યના પ્રવાસન મથકોએ યુકે અને ફ્રાન્સના ટુરિસ્ટ વધારે આવે છે

ભારત સરકાર સ્માર્ટ સિટીનો પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહી છે ત્યારે કન્સ્ટ્રક્શન વ્યવસાયમાં ભારત ૨૦૨૦ની સાલ સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું માર્કેટ હોવાનું અને પ્રતિવર્ષ ૧૧.૫ મિલિયન આવાસો ઉમેરતું રાષ્ટ્ર બનશે. સરકારનો દાવો છે કે સ્માર્ટ બિલ્ડીંગ તેમજ સિટીના કારણે ભારત ૩૦ ટકા પાણી, ૪૦ ટકા વીજળી અને ૧૦ થી ૩૦ ટકા બિલ્ડીંગ મેઈનેનન્સ કોસ્ટ બચાવશે. ભારતના ૧૦૦ નવા શહેરોમાં ગવર્નન્સ, એનર્જી, એનવાયર્નમેન્ટ, ટ્રાન્સપોર્ટેશન, આઈટી, બિલ્ડીંગ, હેલ્થ અને એજયુકેશન સ્માર્ટ બનશે. ૨૦૨૦ સુધીમાં આ પ્રોજેક્ટ માટે સરકારને ૧.૨ ટ્રિલિયન યુએસ ડોલરની જરૂરિયાત છે. નવી દિલ્હીના પ્રગતિ મેદાનમાં ૨૦ થઈ ૨૦ મે ના રોજ સ્માર્ટ સિટી માટેનો એક સેમિનાર યોજાવાનો છે ત્યારે તેમાં ગુજરાતના છ સ્માર્ટ સિટી અમદાવાદ-ધોલેરા, ભાવનગર, ગાંધીનગર-ગિફ્ટ, જૂનાગઢ, રાજકોટ, સુરત અને વડોદરાની પણ ચર્ચા થવાની છે...

### નમસ્તે કહેતા શરમ આવે છે, હાથ મિલાવવાની જે આદત પડી છે

### ઘર ઘર મોદી પછી હવે ઘર ઘર પંચવટી તુલસીના છોડ વહેંચાશે

### મોદીના નામનો સદઉપયોગ કર્યો તે તરી ગયા, ટીકા કરી તે ડૂબ્યા




**સરદારની યાદગીરીનું કલેક્શન શરૂ ...**

ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે મોદી સરકારે અગાઉ સ્ટીલ એટલે કે લોખંડ ઉઘરાવ્યું હતું અને હવે આનંદીબેન પટેલની સરકાર સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે સરદાર પટેલની યાદગીરીની ચીજો ઉઘરાવવાનું શરૂ કર્યું છે. સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ તરફથી દેશભરમાં એક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે જેમાં ડોક્યુમેન્ટ્સ, ફોટોગ્રાફ્સ અને સરદારને અનુલક્ષીને જે કોઈ ચીજવસ્તુઓ હોય તેને એકત્ર કરવામાં આવે છે. આ ડ્રાઈવની શરૂઆત આણંદ, ખેડા અને સુરતથી શરૂ કરવામાં આવી છે...

**હાશ, એક વર્ષ સુધી ચાંલ્લો બચશે ...**



આગામી જુલાઈ-૨૦૧૫ થી ઓગષ્ટ-૨૦૧૬ સુધી લગ્ન કરવા માટેનું શુભ મૂહુર્ત નથી આવતું એટલે આપણો ચાલ્લો કમસે કમ એક વર્ષ સુધી બચી ગયો છે. જો કે કમૂરતામાં પણ મૂહુર્ત કાઢી શકે તેને

● અનુસંધાન પાન-૭ પર

# ઉનાળાનો આકમક આરંભ

## રવિવારે મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીએ પહોંચ્યું : દિવસે ગરમી રાત્રે ઠંડીની બેવડી ઋતુના કારણે રોગચાળાનું પ્રમાણ વધ્યું

ગાંધીનગર, તા.૧૫

ઉનાળાનો પ્રારંભ થઈ ચુક્યો હોય તેવું લાગી રહ્યું છે. રવિવારે દિવસ દરમિયાન આકરો તડકો અનુભવાતા મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીએ પહોંચી ગયું હતું. જો કે લઘુતમ તાપમાન હજુ ૧૩-૧૪ ડિગ્રી હોઈ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. બેવડી ઋતુની ખરાબ અસર બાળકોના સ્વાસ્થ્ય પર પડી રહી છે. બાળકોમાં શરદી, ખાંસી, તાવના કેસો વધ્યા છે.

ઠંડી હવે ધીમે ધીમે વિદાય લઈ રહી છે. ઉનાળાના પગરણ શરૂ થતાં હવે બપોરના સમયે ફુલ સ્પીડે પંખા ચલાવવાની ફરજ પડી રહી છે. ધીમે ધીમે મહત્તમ અને લઘુતમ તાપમાન વધી રહ્યું છે.

જાન્યુઆરી માસમાં આકરી ઠંડી પડ્યા બાદ હવે ફેબ્રુઆરી માસના મધ્યે ઉનાળાનો પ્રારંભ થયો છે. શિયાળાએ ધીમે ધીમે વિદાય લીધી છે અને ઉનાળાના પગરણ શરૂ થયા છે. ગરમ વસ્ત્રો હવે કબાટમાં મુકાઈ ગયા છે. વહેલી સવારે અને રાત્રે વાતાવરણ એકદમ ખુશનુમા રહે છે. જ્યારે બપોરે તડકો આકરો લાગી રહ્યો છે. અને ગરમી વધી રહી છે. બપોરના સમયે હવે ફુલ સ્પીડે પંખા ચલાવવા પડી રહ્યા છે. સરકારી કચેરીઓમાં પંખા શરૂ થઈ જાય છે. દિવસે દિવસે લઘુતમ અને મહતમ તાપમાન ઉપર ચડતું જાય છે. હાલતમાં તો વાતાવરણ ખુશનુમા છે. પરંતુ થોડાક જ દિવસોમાં ગરમીનો ચમકારો દેખાય તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. ગુજરાતમાં હજુ કેટલાક સ્થળોએ લઘુતમ તાપમાન

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

# ભારત-પાકિસ્તાન મેચ સાથે નગરજનો ક્રિકેટ ઘેલાં બન્યા

## ભરચક લગ્ન સમારંભોમાં પણ ક્રિકેટની વાતો : કેટલાક લગ્ન સમારંભોમાં એલસીડી ટીવી સ્ક્રીન દ્વારા મેચ લાઈવ કરાઈ : અનેક ઠેકાણે ફટાકડા ફોડી ટીમના વિજયને વધાવાયો

ગાંધીનગર, તા. ૧૫

આજે ગાંધીનગરમાં ક્રિકેટ વર્લ્ડકપની ભારતની પ્રથમ મેચ તે પણ



પરંપરાગત હરિફ પાકિસ્તાન સાથે હોવાના કારણે ભરપુર લગ્નસરાની મૌસમમાં પણ નગરજનો ક્રિકેટના રંગે રંગાયા હતા. રવિવારના રજાના દિવસે મેચ હોવાના કારણે ક્રિકેટપ્રેમીઓને આજે જલ્સો પડી ગયો હતો. અને તેમાંય ભારતની ભવ્ય જીત થતા ક્રિકેટ રસિયાઓ આનંદમાં આવી ગયા હતા. અનેક ઠેકાણે ભારતીય ટીમની જીતને ફટાકડા ફોડીને વધાવવામાં આવી હતી. કેટલાક લગ્ન સમારંભોમાં મોટા એલસીડી ટીવી લગાડીને લાઈવ મેચનો આનંદ ઉઠાવાયો હતો.

ભારતમાં ક્રિકેટ એ ધર્મ છે પરંતુ આ ક્રિકેટના મહાકુંભ સમો વર્લ્ડકપ ચાલુ થવા આવ્યો ત્યાં સુધી નગરમાં તેના પ્રત્યે શુષ્કતાનો માહોલ જોવા મળી રહ્યો હતો. આ શુષ્કતા પાછળ ઓસ્ટ્રેલિયામાં ભારતીય ટીમના અત્યંત નબળા પ્રદર્શન ઉપરાંત દિલ્હીની ચૂંટણીઓની ઉત્તેજના અને પુરબહારમાં ખીલેલી લગ્નસરાની મૌસમ પણ એટલી જ જવાબદાર હતી. આમ છતાં આજે વિશ્વકપના બીજા દિવસે ભારતની પ્રથમ મેચ હતી જે ભારતના કટ્ટર હરિફ પાકિસ્તાન સાથે હોવાની સાથે રવિવારના રજાના દિવસે હોવાથી પ્રસંશકો ક્રિકેટઘેલા ના થાય તો નવાઈ જ કહેવાય. પાકિસ્તાન સામે જ્યારે પણ મેચ હોય ત્યારે ખેલાડીઓથી માંડીને અબાલવૃદ્ધ સૌ કોઈ તેની રોમાંચકતા માણવા થનગની ઉઠે છે. અને કાલની મેચમાં ભારતના ચેમ્પિયનને છાજે તેવા પ્રદર્શનને કારણે ક્રિકેટ પ્રેમીઓ ગેલમાં આવી ગયા હતા.

તમામ લગ્ન સમારંભોમાં લોકો હાલમાં જમવાની થાળી પકડીને એકબીજા સાથે મેચની જ ચર્ચા કરતા જોવા મળ્યા હતા. ગાંધીનગરના કેટલાક લગ્ન પ્રસંગોમાં તો રીતસર મોટા મોટા એલસીડી ટીવી સ્ક્રીન મુકીને મેચને લાઈવ પ્રદર્શિત કરાઈ

● અનુસંધાન પાન-૭ પર

# સેંટ ઝેવિયર્સનો ધો-૧૦નો વિદ્યાર્થી હેત જાની માઉન્ટ એવરેસ્ટ સર કરશે

## જૂન-૨૦૧૫ માટેની માઉન્ટીંગ ટીમમાં પસંદગી પામ્યો : અગાઉ ઉત્તરાચંલ અને કેદારનાથની બર્ફીલી પહાડીઓમાં ટ્રેકીંગ કરી ચૂક્યો છે

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે રહેતા અને સે. ૮માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ધો.



૧૦માં અભ્યાસ કરતો હેત જાનીની માઉન્ટ એવરેસ્ટ સર કરવા માટે આગામી જૂન માસમાં જનાર ટીમમાં પસંદગી થવા પામી છે. હેત જાની અગાઉ પણ માત્ર સાત વર્ષની ઉંમરે ઉત્તરાંચલની કેદારનાથની બર્ફીલી પહાડીઓમાં તેમજ કાશ્મીરના અમરનાથના બરફાચ્છાદિત પહાડોમાં ટ્રેકીંગ કરી ચુક્યો છે.

હેત જાની ઉત્તરાંચલ રાજ્યમાં ઉત્તરકાશી ખાતે આવેલ નહેરૂ ઈન્સ્ટીટ્યુટ ઓફ માઉન્ટરીંગ દ્વારા પસંદ કરાયો છે. તેને આ સાહસ માટે નહેરૂ ઈન્સ્ટીટ્યુટ ઓફ માઉન્ટરીંગના પ્રિન્સિપાલ કર્નલ અજય કોઠિયાર સહિત માઉન્ટીંગ ટ્રેનિંગ ઓફિસર તેમજ સ્ટાફ દ્વારા સઘન તાલીમ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે માઉન્ટ એવરેસ્ટ વિશ્વમાં ૮૮૪૮ મીટરની ઊંચાઈ સાથે વિશ્વનું સૌથી ઉંચુ શિખર ગણાય છે. સાગર મથ્થા તરીકે પણ ઓળખાતા આ શિખર પર બારે માસ માઈનસ ૧૦ થી ૧૨ ડિગ્રી તાપમાન રહે છે.

# કૃભકોના ડીરેકટર તરીકે નગરના યુવા અગ્રણી પરેશ પટેલ બિનહરીફ

## કૃભકો ન્યૂ દિલ્હીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની નવ બેઠકોની ચૂંટણીમાં સતત બીજીવાર ચૂંટાયા : ગુજરાતના સહકારી આગેવાનોમાં આનંદ

ગાંધીનગર, તા. ૧૫

કૃભકો ન્યુ દિલ્હીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની નવ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ગાંધીનગરના યુવા આગેવાન પરેશ પટેલ સતત બીજી વખત બિનહરીફ ચુંટાયા છે. જિલ્લાના યુવા સહકારી આગેવાનની આ જીત બદલ ગાંધીનગર ઉપરાંત રાજ્યના સહકારી આગેવાનો અને કાર્યકોરમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

કૃભકોના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ નવ બેઠકો માટે ૧૨મી ફેબ્રુઆરીના રોજ ન્યૂ દિલ્હીમાં ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં માત્ર એક બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી. જ્યારે બાકીની આઠ બેઠક ઉપરના ઉમેદવારો બીન હરીફ ચૂંટાઈ આવ્યા હતા. જેમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તામીલનાડુ, કેરાલા, છતીસગઢ અને પોંડીચેરી એમ કુલ નવ રાજ્યોને સમાવતી બેઠક ઉપર ગાંધીનગરના યુવા સહકારી આગેવાન પરેશ પટેલ ડીરેક્ટર તરીકે બીન હરીફ ચૂંટાઈ આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ચૂંટણીમાં પણ તેઓ આ બેઠકમાંથી જંગી બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા.

આ ચૂંટણીમાં કૃભકોના ચેરમેન તરીકે રાજ્યસભાના સાંસદ ડૉ. ચંદ્રપાલસિંઘ યાદવ બીન હરીફ ચૂંટાઈ આવ્યા છે. ડૉ. ચંદ્રપાલસિંઘ યાદવ એન.સી.યુ.આઈ. ન્યૂ દિલ્હીના ચેરમેન તથા આઈ.સી.એ.એપી. જીનીવાના વાઈસ ચેરમેન તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. જ્યારે કૃભકોના વાઈસ ચેરમેન તરીકે ગુજરાતના સહકારી આગેવાન અને નાફેડ, ન્યૂ દિલ્હીના ચેરમેન વાઘજીભાઈ આર. પટેલ બીન હરીફ ચૂંટાઈ આવ્યા છે.

કૃભકોના બોર્ડ ઓફ ડીરેક્ટર તરીકે સતત બીજીવાર ગાંધીનગર જિલ્લાના યુવા સહકારી આગેવાન પરેશ



પટેલ બીન હરીફ ચૂંટાઈ આવતા ગાંધીનગર સહીત સમગ્ર ગુજરાતના સહકારી આગેવાનો, કાર્યકરો અને યુવાનોમાં આનંદની લાગણી વ્યાપી છે.


**૨૧મી પુણ્યતિથીએ**
**સ્મૃતિ વ્યાખ્યાન અને પ્રાર્થનાસભા**



સ્વ. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ

-: વ્યાખ્યાતા :-
પ.પૂ. શ્રી શ્રી આધ્યાત્માનંદજી મહારાજ
વિષય : "શાંત મન - સ્વસ્થ હૃદય"
તારીખ : ૧૬-૦૨-૨૦૧૫
સમય : સાંજે ૫.૦૦ કલાકે
સ્થળ : ભાઈકાકા હોલ, લૉ ગાર્ડન, અમદાવાદ

**પ્રાર્થના સભા**
તારીખ : ૧૭-૦૨-૨૦૧૫
સમય : સવારે ૮.૩૦ થી ૯.૩૦
સ્થળ : નર્મદા ઘાટ, ગાંધીનગર

- સરદાર વલ્લભભાઈ સહકારી બેંક પરિવાર
- સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ
- સરદાર સેના ટ્રસ્ટ
- ગુજરાત કેળવણી ટ્રસ્ટ


# ગાંધીનગરમાં શ્રીશ્રી રવિશંકરનો રૂદ્રપૂજા કાર્યક્રમ મોકુફ રખાયો

## આર્ટ ઓફ લીવીંગના સ્થાપક શ્રીશ્રી રવિશંકરજી અનિવાર્ય સંજોગોના કારણે ગુજરાત પ્રવાસે નહી આવે

ગાંધીનગર, તા. ૧૫

'ધી આર્ટ ઓફ લીવીંગ'ના સ્થાપક અને પ્રણેતા શ્રીશ્રી રવિશંકરજીના હસ્તે આગામી તા. ૨ માર્ચના રોજ સે. ૧૧ ખાતે વિશ્વશાંતિ માટે યોજાનાર રૂદ્રપૂજાનો ધાર્મિક કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે. અનિવાર્ય સંજોગોના કારણે શ્રીશ્રી રવિશંકર મહારાજે તેમનો ગુજરાત પ્રવાસ રદ કર્યો છે.

ધી આર્ટ ઓફ લીવીંગ સેમ્પા દ્વારા ૧૫૨ જેટલા દેશોમાં શ્રીશ્રી રવિશંકરજીની પ્રેરણાથી માનવસેવા, વ્યક્તિ-વિકાસ, આધ્યાત્મિક શક્તિના વિકાસ તેમજ ગૌ રક્ષા અને પર્યાવરણ જાળવણીના ઉમદા કાર્યો કરવામાં આવે છે. જેના ભાગરૂપે વિશ્વશાંતિ અને વિશ્વકલ્યાણકારી ભાવના સાથે ગાંધીનગરમાં પણ આગામી તા. ૨ માર્ચના રોજ સે. ૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે સવારે ૬.૩૦ કલાકે રૂદ્રપૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના આધ્યાત્મિક ગુરુ શ્રીશ્રી રવિશંકરજીના હસ્તે યોજાનારી આ રૂદ્રપૂજાનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. અનિવાર્ય સંજોગોના લીધે શ્રીશ્રી રવિશંકરજીએ તેમના ગુજરાત પ્રવાસનો કાર્યક્રમ મોફુક રાખ્યો હોવાથી ધાર્મિક કાર્યક્રમ પણ રદ કરવામાં આવ્યો છે. હવે આ કાર્યક્રમના આગામી આયોજન અંગે આખરી નિર્ણય લેવાય ત્યારબાદ સ્વયંસેવકોને જાણ કરવામાં આવશે.

# સેક્ટર-૭-૮ના બસસ્ટેન્ડ પાસે કાર ચાલકે અન્ય કારને ટક્કર મારી

## ચ-૦ તરફથી પૂરપાટ વેગે મારૂતિ વેગનઆર હંકારી ફિયાટ ઉનો કારને ટક્કર મારી : અન્ય કારચાલકે પીછો કરી ઝડપી લેતા તેમાં નશો કરેલી હાલતમાં ચાર યુવકો મળ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના ચ-રોડ પર આવેલ ૭-૮ના બસસ્ટેન્ડ સામે રાત્રે ૮.૪૫ વાગ્યાના સુમારે ઈન્ફોસીટી તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલ મારૂતિ વેગનઆર કારના ચાલકે એક ફિયાટ ઉનો કારને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરના કારણે ફિયાટ ઉનોના ચાલકને ખભાના ભાગે બેઠો માર વાગ્યો હતો અને કારને પણ ઘણું નુકશાન થવા પામ્યું હતું. વેગનઆરનો ચાલક ઝડપથી કાર હંકારી નાસી ગયો હતો. જેને આ ઘટના નજરે જોનાર અન્ય કારચાલકે પીછો કરી ચ-રોડ પર ઝડપી લેતા તેમાં ચાર યુવકો નશો કરેલી હાલતમાં હોવાનું માલુમ પડ્યું હતું.

સે. ૭ માંથી સે. ૮માં જવાના ટર્નિંગ પાસે વળાંક લઈ રહેલ પોલીસ લખેલ ખાનગી ફિયાટ ઉનો કારને ચ-૦ તરફથી અત્યંત સ્પીડે આવી રહેલ મારૂતિ વેગનઆર કાર નં. જીજે-૧એચકે-૬૯૫૭એ જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે ફિયાટ ઉનો કાર જ આખી ગોળ ફરી ગઈ હતી અને તેમાં બેઠેલા

● અનુસંધાન પાન-૭ પર

# આજનુ સંગીત દેશના કલ્ચરને અનુરૂપ નથી : સંગીતકાર શ્રવણ

## સાજન, સડક, દીલ હે કી માનતા નહી, પરદેશ સહીતની સેંકડો સુપરહીટ ફિલ્મોમાં મ્યુઝિક આપનાર શ્રવણ રાઠોરના મતે ખોટા મેસેજ આપતા ગીતો માટે સેન્સરશીપ જરૂરી

ગાંધીનગર, તા. ૧૫

બોલીવુડના ગીતોમાં અગાઉ સંગીત શબ્દ પ્રધાન હતું. દીલમાં ઉતરી જાય તેવા ગીતોની રચના થતી હતી. હાલ સમય સાથે સંગીત વાદ્ય પ્રધાન બની ગયું છે. પોપ ગીતોના લીધે વેસ્ટર્ન રીધનનો ટેસ્ટ જોવા મળે છે. દેશના કલ્ચર વિરૂદ્ધના ગીત-સંગીતથી સોસાયટીમાં ખોટો મેસેજ જાય છે. ભારતમાં સંગીતક્ષેત્રે વેસ્ટર્ન કલ્ચરનો સહારો લેવાની જરૂર નથી. રાજસ્થાન, મહારાષ્ટ્ર, છત્તીસગઢ જેવા રાજ્યોના ફોકનો ઉપયોગ કરવાની પણ અનિવાર્યતા છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં છેલ્લા ત્રણ દાયકાથી મ્યુઝિક ડીરેક્ટર તરીકે કામ કરી શ્રોતાઓના હૃદયમાં આગવુ સ્થાન મેળવનાર શ્રવણ રાઠોર આગામી ફિલ્મ સાજન પાર્ટ-૨માં સંગીત આપવા સજ્જ છે.



હિન્દી ફિલ્મોમાં વર્ષ ૧૯૭૩થી વર્ષ ૨૦૦૩ દરમિયાન ૧૨૫થી વધુ ફિલ્મોમાં શ્રવણકુમાર રાઠોરે સંગીત આપ્યું છે. ૧૯૭૩માં ફિલ્મ દંગલમાં તેમણે પ્રથમવાર મ્યુઝિક ડીરેક્ટર તરીકે કામ કર્યું હતું. જ્યારે ૧૯૯૦થી ૨૦૦૩ દરમિયાન ફિલ્મ દિલ હે કી માનતા નહી, સડક, સાજન, હમ હે રાહી પ્યાર કે, દિવાના સહીતના સુપરહીટ ફિલ્મોમાં પણ તેમણે સંગીતના સૂર રેલાવ્યા હતા. તેમણે મ્યુઝિક ડિરેક્ટર તરીકે કામ કર્યું હોય તેવી ૫૦ ફિલ્મો આ અરસામાં ગોલ્ડન જ્યુબિલી રહી હતી. તેમના મતે હાલ સમયના બદલાવ સાથે ગીત-સંગીત પણ દેશના કલ્ચરને અનુરૂપ નથી. ગંદી બાત... જેવા ગીતોને લઈ તેમણે સેન્સરશીપ જરૂરી હોવાનું પણ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આજે અર્થવિહીન શબ્દો સાથએના ગીતો સાંભળળા મળે છે. ગીત ડાન્સ માટે બને છે. સંગીતમાં વેસ્ટર્ન રીધનના દમથી બધુ ડહોળાઈ ગયું છે. ૧૯૬૦નો સમય સંગીત માટે ગોલ્ડન પિરીયડ હતો. ભારતે વેસ્ટર્ન રીધમનો સહારો લેવાની જરૂર નથી. છેલ્લા એક દાયકાથી સંગીતનું સ્તર નીચી ઉતર્યું છે.


SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**મંડપ** / કેટરીંગ / લાઈટીંગ / ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com